**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૦.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૪ ટકા ● સાંજે ૨૮ ટકા

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**સાહેબ કહે છે... બેડ કે ઓક્સિજનની વ્યવસ્થા એમનાથી નહી થાય...**
**તમારૂ માન રાખવા પેટ્રોલ પંપની પરમીશન આપી દઈએ...**

# સિવિલ તંત્ર દ્વારા કોવીડ ઓપીડી પાસે દર્દીઓ માટે મંડપ બંધાયો





શહેરમાં કોરોના કહેર મચાવી રહ્યો છે. તો બીજીતરફ ગાંધીનગરમાં કાળઝાળ ગરમી પડી રહી છે. ત્યારે ૬૦૦ બેડની કોવીડ ઓપીડી પાસે સારવાર લેવા માટે આવતા દર્દીઓની લાંબી લાઈનો લાગે છે. કલાકો સુધી દર્દીઓને લાઈનમાંથી પસાર થવુ પડે છે. ત્યારે ગરમીમાં ઉભા રહેવુ દર્દીઓ માટે કઠીન સાબિત થાય છે. ત્યારે તંત્રનું ધ્યાન આ તરફ જતા સિવિલ સત્તાધિશોએ કોવીડ ઓપીડી પાસે તાત્કાલીક અસરથી મંડપ બાંધીને છાયડો રહે તેવી વ્યવસ્થા કરી છે.જયારે દર્દીના સ્નેહીજનો માટે પણ પાર્કિંગમાં બેસવા માટે સુંદર વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. ત્યારે તંત્રની આ કામગીરીને સૌ કોઈએ બિરદાવી છે.

## ખૂણેખાંચરેથી

● રાજયના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાના લઘુબંધુ કનુસિંહ વાઘેલાના દુઃખદ અવસાન બાદ આજે કોરોનાની સારવાર દરમ્યાન સ્વ. કનુસિંહ વાઘેલાના ધર્મપત્નીનું પણ દુઃખદ અવસાન થતાં વાઘેલા પરિવાર તેમજ વાસણ ગામમાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

● સે. ૩૦ સ્થિત સાઈબાબા મંદિરના પુજારી મહેશભાઈ રાવલનું આજે દુઃખદ અવસાન થયુ છે.

● સામાજિક અગ્રણી નિલેન્દુ વોરા તેમજ જાણીતા ક્રિકેટર ઉલ્લાસ વોરાના માતુશ્રી સુલોચનાબેન એમ. વોરાનું ૯૦ વર્ષની વયે કોરોનાની સારવાર દરમ્યાન દુઃખદ અવસાન થયુ છે.

● કોરોનાની સ્થિતિ અંગેની જાણકારી આપવા માટે શહેરમાં ખાસ ડેશ બોર્ડ તૈયાર કરવામાં આવ્યુ. જે દિવસમાં બે વાર અપડેટ કરાશે તેમ સરકારે હાઈકોર્ટમાં કરેલા સોગંદનામામાં કહ્યુ છે.

● ગાંધીનગર શહેર અને જિલ્લામાં કોરોનાનું સંક્રમણ વધતાં ધમધમતુ શહેર તેમજ વિસ્તારમાં સન્નાટો છવાઈ જવા પામ્યો છે.

● શહેર અને જિલ્લામાં વધતા જતા સંક્રમણને પગલે હનુમાન જયંતિ તેમજ રામનવમીની શોભાયાત્રા રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

● શહેર અને જિલ્લામાં કોવિડ-૧૯નું સંક્રમણ વધતાં શહેરની નાગરિક સહકારી બેંકે ૧૦.૦૦થી ૨.૩૦ સુધી જ બેંકનું કામકાજ કરવાનો નિર્ણય લીધો છે.

● શહેર અને જિલ્લામાં કોવિડનું સંક્રમણ વધતાં શ્રમિકોની અછત ઉભી થવા પામી છે.

# સતત ૨૪ કલાક ભડભડ બળતી ચિતાઓ વચ્ચે અવિરત ફરજ બજાવતો મુક્તિધામનો સ્ટાફ

ગાંધીનગર, તા. ૨૦

કોરોના વાયરસની બીજી લહેરે ચારેકોર કાળો કેર વર્તાવ્યો છે અને ટપોટપ દર્દીઓના મૃત્યુ થઈ રહ્યાં છે, જેના કારણે ઈતિહાસમાં પહેલીવાર એવો સમય આવ્યો છે જેમાં સ્મશાનો છેલ્લા એક સપ્તાહથી સતત ૨૪ કલાક કાર્યરત રહ્યાં છે, તેમ છતાં અંતિમ ક્રિયા માટે પોતાનો નંબર આવે તેની રાહ જોતી નનામીઓની લાઈન લાગે છે. કાળજુ કંપી ઉઠે તેવા દૃશ્યો અત્યારે સ્મશાન ગૃહોમાં સર્જાઈ રહ્યાં છે ત્યારે ગાંધીનગરના સેક્ટર-૩૦ ખાતેના મુક્તિધામ સ્મશાનનું સંચાલન સંભાળતા લોકસેવક અને સામાજિક અગ્રણી જીલુભા ધાંધલ તથા તેમની ટીમ દિવસ-રાત જોયા વગર અને કોરોનાનો ડર રાખ્યા વગર જે જિંદાદિલીથી ફરજ બજાવી રહ્યાં છે તે ખરેખર સલામને પાત્ર છે. છેલ્લાં એક સપ્તાહથી દરરોજ મુક્તિધામ સ્મશાન ખાતે થતાં અગ્નિ સંસ્કારનો આંકડો ૪૦ થી વધુ રહેવા પામ્યો છે અને આ સપ્તાહમાં કોરોના પ્રોટોકોલથી કરવામાં આવતી અંતિમ ક્રિયાનો આંકડો પણ ૨૫ થી ઉપર જોવા મળી રહ્યો છે જેમાં સમયનું કોઈ નિર્ધારણ નથી રહેતુ, મતલબ કે આખી રાત આ પ્રક્રિયા સતત ચાલુ રહે છે. આ સ્થિતિમાં જીલુભા

**મુક્તિધામના સંચાલક જીલુભા ધાંધલ સતત હાજર રહી સ્ટાફને માર્ગદર્શન આપવા સાથે ઉત્સાહ વધારી વ્યવસ્થા સંભાળે છે : લાકડાં ગોઠવી મૃતદેહ મુકવાથી લઈને અસ્થિ ફૂલ આપવા સુધીની સેવાઓ સાથે સ્વજનોને હિંમત આપવા સહિતની ફરજ બજાવે છે**

ધાંધલ સહિત મુક્તિધામ સ્મશાનના તમામ કર્મચારીઓ પોતાના જીવની પરવા કર્યા વગર દિવસ-રાત ડબલ શીફટમાં કામ કરી રહ્યાં છે. તેઓ મૃતકોને અગ્નિદાહ માટે લાકડાં ગોઠવી મૃતદેહ મુકવાથી માંડીને તમામ વ્યવસ્થા પુરી પાડવા ઉપરાંત અગ્નિદાહ બાદ અસ્થિ ફુલ આપવા સુધીની સેવાઓ આપી રહ્યાં છે પરંતુ આ સાથે તેઓ વધુ એક કપરી ફરજ એ બજાવી રહ્યાં છે જેમાં તેઓ કોવિડ મૃતકોના સગાવ્હાલાંને હિંમત અને સધિયારો આપવાનું કામ પણ ખૂબ જ સંવેદનાત્મક રીતે નિભાવી રહ્યાં છે. જ્યારથી મુક્તિધામ ખાતે કોવિડ મૃતકોની સંખ્યા વધવા લાગી અને નનામીઓને હારબંધ લાઈનો લાગવા માંડી ત્યારે સમય અને પરિસ્થિતિનો અંદાજો કાઢીને જિલુભા ધાંધલે મુક્તિધામ ખાતે નવી સગડીઓની વ્યવસ્થા કરવા પ્રયત્નસીલ બન્યાં છે. દિવસના કુલ ૨૪ કલાક પૈકી અંદાજે ૧૫ થી ૧૬ કલાક મુક્તિધામ ખાતે ખડેપગે હાજર રહેતા જીલુભા ધાંધલ કહે છે કે "હું ઘરેથી કહીને જ નીકળું છું કે જીવતો પાછો આવું તો ઠીક નહીંતર મને મુક્તિધામ ખાતે જ અગ્નિ સંસ્કાર દઈ દેજો" ખરેખર સલામ છે આવા સેવા નિષ્ઠ સંચાલક જીલુભા તથા તેમના તમામ સ્ટાફને જેઓ સ્હેજ પણ થાક્યા વિના દિવસ-રાત અવિરત ફરજ બજાવી રહ્યાં છે.

# શહેરમાં સન્નાટો... કેસ વધતા ભારે ગભરાટ

ગાંધીનગર, તા. ૨૦

સરકાર ભલે લોકડાઉન ન લગાવે પરંતુ હાલમાં શહેરમાં સ્વયંભૂ લોકડાઉનની સ્થિતિ જોવા મળી રહી છે. શહેરમાં જાણે સન્નાટો છવાઈ ગયો છે. ઘેર ઘેર કેસ આવી રહ્યાં હોવાથી પરિસ્થિતિ ખૂબ જ ગંભીર બની છે.

કોરોના કાળચંક્રએ જાણે શહેરને ઘેરી લીધુ છે. પ્રથમ લહેર કરતાં હાલમાં સ્થિતિ ખૂબ જ વિકટ જોવા મળી રહી છે. એટલી મોટી સંખ્યામાં દરરોજ કેસ નોંધાઈ રહ્યા છે કે તેનુ મેનેજમેન્ટ અઘરૂ બન્યું છે. દર્દીઓને ક્યાં દાખલ કરવા તે મોટો પ્રશ્ન બની ગયો છે. તમામ હોસ્પિટલો ફૂલ થઈ ગઈ છે. ગંભીર પ્રકારના દર્દીઓને દાખલ ક્યાં કરવા તેના માટે રીતસર દોડાદોડ કરવી પડે છે. ગાંધીનગર શહેરમાં આ પ્રકારની કટોકટીભરી સ્થિતિનું ક્યારેય નિર્માણ નથી થયુ. કેસનો ગ્રાફ સતત વધી રહ્યો છે. કેસ ઓછા થવાનુ નામ નથી લેતા. આવા સમયે ગભરાટની સ્થિતિનું નિર્માણ થાય તે સ્વાભાવિક છે. વાહનોની અવરજવરથી સતત ધમધમતા રહેતા શહેરના માર્ગો એકદમ સુના બની ગયા છે. બપોર બાદ બંધ થઈ જાય છે. જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ અને દવાઓ સિવાયની દુકાનો ફટાફટ બંધ થઈ જાય છે. શોપીંગ સેન્ટરોના વેપારી એસોસીએશનોએ ત્રણ દિવસથી લઈને ૧૫ દિવસ સુધીના સ્વયંભૂ લોકડાઉનની જાહેરાત કરી છે. ગ્રામ્ય વિસ્તારોમાં પણ ૩૦મી સુધીનું સ્વયંભૂ લોકડાઉન જાહેર કરાયું છે. કોરોનાના કેસો સતત વધતાં

**ગાંધીનગર શહેરમાં રોજના ૧૫૦ સુધી કેસ વધતા ભયનો માહોલ : શહેરના માર્ગો એકદમ સુમસામ બન્યા**

શહેરના શોપીંગ સેન્ટરો પર લોકોની અવરજવર સાવ ઓછી થઈ ગઈ છે. સરકારે ભલે લોકડાઉન ન લગાવ્યુ હોય પરંતુ લોકોએ સ્વયંભૂ લોકડાઉનનો અમલ શરૂ કરી દીધો છે. મોટાભાગના શોપીંગ સેન્ટરો શહેરમાં ગભરાટ ફેલાયો છે. માર્ગો અને સેક્ટરોના આંતરિક વિસ્તારો એકદમ સુના બની ગયા છે. શહેરમાં સન્નાટો વ્યાપી ગયો છે. શહેરની ચેતના જાણે કોરોનાએ હરી લીધી છે.

# કોરોનાએ ગાંધીનગરના "પ્રકૃતિ સંત" છીનવી લીધા

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરના જુના સચિવાલય ખાતે બ્લોક નં.



૧૯માં ગુજરાત ઔષધિય વનસ્પતિ બોર્ડના પ્રોજેક્ટ ઓફિસર તરીકે કાર્યરત અને જાણીતા પ્રકૃતિ વિદ કનુભાઈ યોગી કોરોના સામેનો જંગ હારી ગયાં છે. કનુભાઈ યોગીનું ગઈકાલે રાત્રે અમદાવાદની યુ.એન. મહેતા હોસ્પિટલ ખાતે દુઃખદ અવસાન થયું હતું. ફેકબુક પર "વન વગડો" ગૃપના માધ્યમથી રાજ્યભરમાં ખૂબ જ જાણીતા બનેલા અને વનસ્પતિ વિદ્ કનુભાઈ યોગીના નિધનથી રાજ્યભરના પ્રકૃતિપ્રેમીઓમાં ભારે આઘાતની લાગણી પ્રસરવા પામી છે. મૂળ વડનગરના વતની અને ગાંધીનગરના વાવોલ ખાતે સંકલ રેસિડેન્સીમાં રહેતા કનુભાઈ યોગીએ વનસ્પતિશાસ્ત્રમાં અભ્યાસ કર્યો હતો અને તેઓ ગુજરાત ઔષધિય વનસ્પતિ બોર્ડમાં પ્રોજેક્ટ ઓફિસર તરીકે સેવા ઓઆપી રહ્યાં હતા. તેઓ ગાંધીનગર ખાતે જવાહરલાલ નેહરુ બોટનીકલ હર્બલ ગાર્ડન ખાતે તેમની સેવાઓ આપી ચુક્યાં હતા. આ ઉપરાંત ફેસબુકના માધ્યમથી "વન વગડો" પેજ થકી તેઓ રાજ્યભરના પ્રકૃતિપ્રેમીઓને વિવિધ વનસ્પતિઓ અંગે તલસ્પર્શી માહિતી સાથે માર્ગદર્શન પુરૂ પાડતાં હતા અને હંમેશા વૃક્ષારોપણ સહિતની પર્યાવરણીય પ્રવૃતિઓને પ્રોત્સાહન આપવામાં અગ્રેસર રહેતા હતા. તેઓ પત્રમૈત્રી, ટિકિટ સંગ્રહ તથા પત્રકારત્વ જેવી પ્રવૃત્તિઓ સાથે પણ સંકળાયેલા હતા અને તેમના લખાણો અસંખ્ય પ્રકૃતિપ્રેમીઓ માટે માર્ગદર્શક બની રહેશે. કનુભાઈ યોગીના નિધનથી ગાંધીનગર સહિત રાજ્યભરના પ્રકૃતિપ્રમીઓમાં આઘાતની લાગણી પ્રસરવા પામી છે.

# ગીયોડ ગામે તબેલામાંથી પશુની ચોરી

ગાંધીનગર, તા.૨૦

ચિલોડા -હિંમતનગર માર્ગ પર આવેલા ગીયોડ ગામના ખેતરમાં બનાવેલા તબેલામાંથી દુજણી ભેંસની ચોરી થતા પોલીસ ફરીયાદ નોંધાઈ છે. ગીયોડમાં ભાથીદાદાવાળા વાસ ખાતે રહેતા અમૃતભાઈ ગેબાભાઈ પટેલ પશુપાલનનો વ્યવસાય કરે છે. તેમના તબેલામાં નાના મોટા ૧૩ પશુઓ રાખે છે. સવારે છ વાગ્યાના સમયે તેઓ ખેતરમાં ગયા હતા. ત્યારે તબેલામાંથી એક ભેંસ ઓછી હતી. એક માસ પહેલા જ વીવાયેલી કુઢા શીંગડાવાળી ભેંસ ખિલે સાંકળ સાથે ગાયબ હતી. ભેંસની કિંમત ૭૦ હજાર થાય છે. જેથી પશુપાલકે ગામમાં અને આસપાસના વિસ્તારમાં શોધખોળ કરી હતી. આખરે ભેંસ નો કોઈ અત્તો-પત્તો ના લાગતા આખરે ચિલોડા પોલીસ મથકે પશુચોરી અંગે પોલીસ ફરીયાદ નોંધાવતા આગળની તપાસ હાથ ધરી છે.

## કોરોના કોર્નર

- કોંગ્રેસના પૂર્વ પ્રમુખ રાહુલ ગાંધી કોરોનાથી સંક્રમિત થયા છે.
- રાજ્યના આરોગ્ય સચિવ સુશ્રી જયંતિ રવિ અને આરોગ્ય કમિશનર જયપ્રકાશ શિવહરે અમદાવાદની મેડીસીટીની કોવિડ હોસ્પિટલની મુલાકાત મોડી રાત્રે લીધી હતી અને દર્દીઓને મળી સારવારને લઈ પૃચ્છા કરી હતી.
- કેન્દ્ર સરકારે કહ્યુ છે કે કોરોનાની લડાઈમાં આગામી ૩ સપ્તાહ નિર્ણાયક.
- ઝારખંડ સરકારે પણ ૨૨ થી ૨૯ એપ્રિલ સુધી લોકડાઉન રાખવાનો નિર્ણય લીધો છે.
- જોનસન એન્ડ જોનસનને વેક્સિનના કલીનીકલ ટ્રાયલ માટે ડી.સી.જી.આઈ. સમક્ષ અરજી કરી છે.
- પૂર્વ કેન્દ્રીય મંત્રી આનંદ શર્મા પણ કોરોનાથી સંક્રમિત થયા છે અને તેમને સારવાર માટે એપોલો હોસ્પિટલમાં દાખલ કરાયા છે.
- તેલંગાણાના મુખ્યમંત્રી કે. ચંદ્રશેખર રાવ કોરોનાથી સંક્રમિત થયા છે. તેમને કોરોનાના હળવા લક્ષણો છે. ડૉક્ટરોએ રાવને આઈસોલેશનમાં રહેવાની સલાહ આપી છે.
- કેરળ સરકારે ૨૦ એપ્રિલથી રાત્રે ૯ થી સવારે ૫ વાગ્યા સુધી સમગ્ર રાજયમાં નાઈટ કરફયુની જાહેરાત કરી છે.
- આઈસીએમઆરના ડિરેક્ટર જનરલ ડૉ. બલરામ ભાગર્વે જણાવ્યુ હતુ કે કોરોનાની આ લહેરમાં ઓકસીજનની માંગ વધારો થયો છે.
- મહારાષ્ટ્ર-ગુજરાતની સરહદ પર આવેલા ૧૦ થી ૧૨ ગામોને ટાઈફોઈડે ઝપેટમાં લીધા છે.
- યુ.પી.એસ.સી. એઆઈએએસ ૨૦૨૦ માટે થનારા ઈન્ટરવ્યુ રાઉન્ડ સ્થગિત કર્યા છે. ૭૯૬ પદો માટે ૨૬ એપ્રિલથી ઈન્ટરવ્યુ રાઉન્ડ થવાના હતા.
- ઉત્તરપ્રદેશ હાઈકોર્ટના આદેશ પર સુપ્રિમ કોર્ટે રોક લગાવી છે. યોગી સરકારે હવે સમગ્ર રાજયમાં વીકેન્ડ લોકડાઉનની જાહેરાત કરી છે.

# સેક્ટર-૧૩ માંથી બાઈકની ચોરી

ગાંધીનગર,તા.૨૦

શહેરના સેક્ટર-૧૩ એબ્લોક નં. ૭૫-૪ જ ટાઈપ વિસ્તારમાંથી બાઈકની ચોરી થવા પામી છે. તા.૧૮ ના રોજ રાત્રીના સાડા બાર વાગે પાર્ક કરેલુ બાઈક સવારે ૬ વાગે ઉઠીને જોયુ તો ન હતું. સેકટરમાં તેમજ આસપાસના સ્થળો પર તપાસ કરવા છતા પણ બાઈક ન મળતા સેકટર-૭ પોલીસ મથકે બાઈક ચોરીની ફરીયાદ નોંધાવી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરમાં બાઈક ચોર ઈસમોએ માથુ ઉંચકયુ હોય તેમ લાગી રહ્યું છે. શહેરમાં છાશવારે બાઈક ચોરીના બનાવો બને છે. ચોર ઈશમો બાઈક ચોરીને અંજામ આપી સિફતપૂર્વક નીકળી જાય છે. ત્યારે પોલીસ પેટ્રોલીંગ વચ્ચે નાઈટ કર્ફ્યુ વચ્ચે પણ બાઈક ચોરીના બનાવોને પગલે વસાહતીઓ પણ ચિંતિત નજરે પડી રહ્યા છે. ત્યારે સેકટર-૧૩ એ બ્લોક નં.૭૫-૪ જ ટાઈપ ખાતે રહેતા કૈલાસકુમાર ચૌધરી (ઉં.૨૫ મુળ રહે. જાલોઢા ગામ તા.દિયોદર જી બનાસકાંઠા) છેલ્લા બે વર્ષથી તેમના મિત્ર આશિષ પટેલના મકાનમાં મિત્રો સાથે રહે છે અને ગુજરાત સરકારી વિવિધ સ્પર્ધાત્મક પરિક્ષાઓની તૈયારી કરુ છુ અને મારા બાજુના ગામના મિત્ર અરવિંદ ભાઈ તેજાબાઈ ચૌધરી કે જે સેકટર-૭ ખાતે રહે છે. અરવિંદભાઈનું હીરો હોન્ડા બાઈક નં. જી.જે.૦૮.એ.એસ.- ૩૧૯૫ ફરીયાદી સેકટર-૭ થી લાવી સેકટર-૧૩ ખાતે રાખેલ હતુ. આ બાઈક ફરીયાદી કોઈ સ્થળે આવન જાવન માટે ઉપયોગ કરતા હતા. ત્યારે તા.૧૮ ના રોજ રાત્રીના સમયે પાર્ક કરેલ બાઈકની ચોરી થઈ છે. જેથી રૂ.૧૫ હજારના બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# સિવિલમાં બાઉન્સરો મુકાયા



ગાંધીનગર સિવિલ ખાતે છાશવારે હોબાળો થાય છે. ત્યારે સિવિલ તંત્રને સિકયુરીટી ગાર્ડ હોવા છતા પોલીસનો સહારો લેવો પડે છે. જેને પગલે સિવિલ તંત્ર દ્વારા ચેકમેટ કંપનીના ચાર બાઉન્સરો કોવીડ ઓપીડી પાસે ફરજ પર મુકવામાં આવ્યા છે. ચોવીસ કલાકમાં ચાર જવાનો બે શીફટમાં કાર્યરત છે. કોવીડ ઓપીડીમાં સારવાર માટે આવતા દર્દીઓને સોશ્યિલ ડિસ્ટન્સ રાખી ઉભા રહેવાનું તેમજ જરુરીયાત દર્દીને મદદરૂપ થવાનું કાર્ય કરતા નજરે પડે છે. ત્યારે સિવિલમાં પણ બાઉન્સરોની સેવા જોઈને સૌ કોઈ અચંબિત પામે છે.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- **સ્વ. નંદવીયા રાજેશભાઈ વિરમભાઈ,** ઉ.વ. ૪૯, સેક્ટર-૭
- **સ્વ. પટેલ ધુળીબેન જીવાભાઈ,** ઉ.વ. ૭૦, કાનપુર
- **સ્વ. ચૌધરી સવિતાબેન જેસંગભાઈ,** ઉ.વ. ૭૦, બાલવા, કલોલ
- **સ્વ. ઝાલા અમરસિંહ ધૂળાજી,** ઉ.વ. ૫૫, વાવોલ
- **સ્વ. પરમાર મહેન્દ્રકુમાર ખોડીદાસ,** ઉ.વ. ૬૫, સેક્ટર-૩
- **સ્વ. પટેલ જોઈતીબેન બેચરભાઈ,** ઉ.વ. ૯૦, રીદ્રોલ, માણસા
- **સ્વ. રાઠોડ શોભનાબેન પ્રવિણસિંહ,** ઉ.વ. ૭૩, સેક્ટર-૭
- **સ્વ. સાધુ ઘનશ્યામદાસ તુલસીદાસ,** ઉ.વ. ૬૫, રીદ્રોલ, માણસા
- **સ્વ. કડીયા ઘનશ્યામભાઈ પરષોત્તમદાસ,** ઉ.વ. ૬૮, લીમ્બોદરા, માણસા
- **સ્વ. પટેલ ચતુરભાઈ બબાભાઈ,** ઉ.વ. ૭૫, સેક્ટર-૨૬
- **સ્વ. પાઠક હસમુખભાઈ કુબેરદાસ,** ઉ.વ. ૭૫, રીદ્રોલ, માણસા
- **સ્વ. મારવાડી નરેશ ગંગારામ,** ઉ.વ. ૨૬, સેક્ટર-૨૪
- **સ્વ. રાઠોડ જીતુભાઈ લક્ષ્મણજી,** ઉ.વ. ૫૨, આલમપુર
- **સ્વ. રાઠોડ સજનબેન ઉદાજી,** ઉ.વ. ૭૫, વાસણારાઠોડ, દહેગામ
- **સ્વ. પરમાર બળદેવભાઈ નાનાભાઈ,** ઉ.વ. ૬૫, વિજાપુર
- **સ્વ. વણકર શિવરામભાઈ મોતીભાઈ,** ઉ.વ. ૮૦, સેક્ટર-૮
- **સ્વ. ઠાકોર ઉદાજી પ્રતાપજી,** ઉ.વ. ૭૦, આમજા
- **સ્વ. પટેલ દિનેશકુમાર નટવરલાલ,** ઉ.વ. ૪૫, માણસા
- **સ્વ. રાવલ હેતલબેન ઘનશ્યામભાઈ,** ઉ.વ. ૪૪, કુડાસણ
- **સ્વ. અધારા શાંતાબેન વિનોદભાઈ,** ઉ.વ. ૭૮, પલોડીયા, કલોલ
- **સ્વ. સોની મહેન્દ્રભાઈ ભીમજીભાઈ,** ઉ.વ. ૬૨, કુડાસણ
- **સ્વ. રબારી રઘુભાઈ ગોવાભાઈ,** ઉ.વ. ૬૦, સેક્ટર-૨૬
- **સ્વ. પરમાર વાલીબેન રેવાભાઈ,** ઉ.વ. ૯૫, સેક્ટર-૨
- **સ્વ. પટેલ સવિતાબેન દિલીપભાઈ,** ઉ.વ. ૫૩, રામપુરા, માણસા
- **સ્વ. પટેલ ગોવિંદભાઈ મફતલાલ,** ઉ.વ. ૫૮, રાંધેજા
- **સ્વ. સુરતી ભરતેશ બાબુભાઈ,** ઉ.વ. ૫૯, જહાંગીરપુરા, સુરત
- **સ્વ. દંતાણી દિનેશભાઈ ચુનીલાલ,** ઉ.વ. ૫૭, સેક્ટર-૨૨
- **સ્વ. પરમાર પ્રભાતસિંહ વિરસિંહ,** ઉ.વ. ૬૯, સેક્ટર-૫
- **સ્વ. સોલંકી ભાઈલાલ સવાભાઈ,** ઉ.વ. ૬૬, સેક્ટર-૨

**● રૂદ્રભૂમિ ●**

- **સ્વ. તન્ના કીર્તીભાઈ રામજીભાઈ,** ઉ.વ. ૬૫, સેક્ટર-૫
- **સ્વ. પટેલ જમનાબેન પ્રભુદાસ,** ઉ.વ. ૯૨, ઘાઘરેટ, મહેસાણા
- **સ્વ. પટેલ નારાયણભાઈ ફૂલચંદભાઈ,** ઉ.વ. ૮૮, સેક્ટર-૨૩
- **સ્વ. પરમાર જવલંત આર.,** ઉ.વ. ૪૦, રાયસણ
- **સ્વ. પરમાર ડાહીબેન મંગાભાઈ,** ઉ.વ. ૭૨, સરગાસણ


www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ